# ડૉ. મણિલાલ હ. પટેલની વાર્તાઓમાં બોલી પ્રયોગ

**ડૉ. એલ. એસ. મેવાડા**
વિજયનગર આર્ટ્સ કૉલેજ,
વિજયનગર.( સા.કાં.)

ડૉ. મણિલાલ હ. પટેલનો જન્મ ૯-૧૧-૧૯૯૪ના રોજ મોટા પાલ્લા, જિ. પંચમહાલ મુકામે થયેલ છે. આ સર્જક ગુજરાતી સાહિત્યનાં તમામ સ્વરૂપોમાં પોતાની કલમ ચલાવેલી છે. કવિ તરીકે ‘પદમા વિનાના દેશમાં’, ‘સાતમી ઋતુ’, ‘ડુંગર કોરી ઘર કર્યાં’, જેવા કાવ્યસંગ્રહો તેમની પાસેથી આપણને મળે છે. તો ‘ તરસઘર’, ‘ કિલ્લો’, ‘ ઘેરો’, ‘ અંધારું’, ‘લલીતા’ જેવી નવલકથાઓ અને ‘ રાતવાસો’, ‘ હેલી’, અને ‘ બાપાનો છેલ્લો કાગળ’ જેવા વાર્તા સંગ્રહો ઉપરાંત ‘અરણ્યોમાં આકાશ ઢોળાય છે.’ ‘ ચાલ વૃક્ષને મળવા જઈએ’, ‘ કોઈ સાદ પાડે છે.’ ‘ તોરણમાળ’ જેવા નિબંધ સંગ્રહો તેમજ વિવેચન, સંપાદન ક્ષેત્રે પણ તેમનું ઉત્કૃષ્ટ કાર્ય છે.

આ કવિ, વાર્તાકાર,નિબંધકાર,વિવેચકને ગુજરાતી સાહિત્ય અકાદમી, બ.ક. ઠાકોર પારિતોષિક તથા ક્રિટીક્સ એવોર્ડ મળેલા છે. પરિસ્કૃત વાર્તા કે આધુનનિકોત્તર ગુજરાતી ટૂંકી વાર્તાનો પ્રવાહ શરુ થયો તેના એક હિમાયતી તરીકે તેમનું નામ પ્રથમ હરોળમાં આવે છે.

આઠમા દાયકાના આ સાહિત્યકારની વાર્તાઓની અંદર આધુનિક ગુજરાતી ચેતનાનો પહેલો પરિચય સાંપડે છે, એમાં સંવેદના સંદર્ભે ગુજરાતીમાં રોપાયેલી સમકાલીન સંચેતનાનો નૂતન સ્વાદ છે. ડૉ. મણિલાલ પુરોગામી વાર્તાકારોની મર્યાદાઓથી પરિચિત હોવાથી તેમની વાર્તાઓ સંસ્કૃતિ દર્શન તેમજ વાર્તા, કૃતિથી આગળ વધીને એક કલાનું સ્વરૂપ પામે છે. તેમની વાર્તાઓમાં ઘટના પ્રસંગોને કલાસ્વરૂપ મળે છે. તેઓ બદલાયેલા તળપદને સમકાલીન જીવન સમસ્યાઓથી રજૂ કરે છે. રેડીમેડ ફોર્મ્યુલા એમના સર્જનમાં જોવા મળતી નથી. પોતાના સર્જનમાં લયવાહી ભાષા, કલ્પનો, અલંકાર, કહેવતો, રૂઢિપ્રયોગોની સામગ્રીનો વિનિયોગ એક નવીન આબોહવા લઈને આવે છે. આ ઉપરાંત તેમની વાર્તાઓમાં તળપદી ભાષા એટલે કે બોલી એક નવીન વાતાવરણ સર્જી આપે છે. પ્રસંગ આલેખન માટેની બોલી જેમાં સરળતા અને સાહજીકતા તેમાં જોવા મળે છે.

‘હેલી’ નવલિકામાં વિધુર મથુરની કરુણતા દર્શાવવા લેખકે કરેલો બોલીનો પ્રયોગ મથુરના એકાકી જીવનને વધુ કરુણ બનાવે છે, “ મારું પેટ હું પાળું, મારો રોટલો મારે કમાઈ ખાવાનો હોય, દન ઊગેને પારકે ચુલેથી રોટલો આવે એવી વાટ જોઉં તો ધૂળ પડી આટલું જીવ્યામાં”.

મારે દીકરો નહીં, બબ્બે બૈરીએ વંશ વારસ નહીં ત્યારે જ આ પારકા ગામની છોકરી મારા કુળની માલિક થઈને મને આવું કહે,” આ સંવાદોમાંથી મથુરકાકાની ભીતરી કરુણતા દેખાઈ આવે છે. તળપદી બોલીની આ વિશેષતા દેખાઈ આવે છે. તો વળી ‘ ચીડો’ વાર્તામાં પણ આ સર્જક બોલીનો ઉત્તમ ઉપયોગ કરેલો જોવા મળે છે. તળબોલીના સુંદર વિનિયોગથી ઉત્તમ પ્રકારનું ભાષાકર્મ જોવા મળે છે.

" બળ્યો આ ચીડો, ટેકટરથી શેડાયું તોય જતો નથી.'

'ટેકટર મેલાવો કે ઓળ મેલાવો'

અહીં નાયિકાના મનની મનોવૃત્તિઓનું નિરૂપણ જોવા મળે છે, તો વળી તેની અધુરી રહેલી કામવૃત્તિઓની મનોવેદના પણ આ તળપદી બોલીમાં જોવા મળે છે. આ ઉપરાંત ગામની યુવાન યુવતીઓની મશ્કરી કરતા યુવાનોની ભાષામાં પણ આ બોલી એક નવીનતા ઉપસાવી આપે છે. જેમ કે,

'ભેંહો મેળે આઈ સે લ્યા, હારો વર હોધવા.'

'નટયો કૈલીની કેંડમાં અણિયાળી પેન્સિલ ઘોંચતો .'

'પડતર' નવલિકામાં શિક્ષણથી સમાજમાં વધેલા ભ્રષ્ટાચારની વાત આ બોલીમાં એક પ્રકારની નવીનતા લાવે છે.

'દહમામાં સાહેબોને ટુશનના આલવાના, ચોરી કરાવવાના, માર્ક વધારાવ્વાના વીહ
વીહ હજાર આલવાના, બહારનાને આલવા પડે...'.

'ડમરી' વાર્તામાં પણ રામજી ગામડાનો યુવાન છે, જે જીવાકાકાની મહેરબાનીથી શહેરમાં શેઠને બંગલે કામ કરે છે. પરંતુ રામજીને વતન વારંવાર યાદ આવી જાય છે, મહિનાઓ પછી બાનો પત્ર આવે છે. તેને ઘેર બોલાવ્યો છે, ભૂતકાળનાં પડ એક પછી એક ઊઘલવા લાગે છે. વતનમાં ઘર- છાપરૂં, ઉનાળામાં ઉડતી ધૂળની ડમરીઓ, આંધીઓ, વરસાદ વાવાઝોડું, ઘરનું દયનીય વાતાવરણ અને આમાંય જીવાકાકાની દીકરી સાથે પળની પ્રીત- આ બધું યાદ આવવાથી હર્ષોલ્લાસથી વતનમાં જવા ઉપડે છે. પરંતુ ઘેર ગયા પછી હકીકતનું ભાન થાય છે ત્યારે ભાંગેલા હૃદય સાથે પરત ફરે છે. પરંતુ એ પહેલાં અમીનું દોરેલું શબ્દ ચિત્ર અને એમાં મદદે આવેલી લોકબોલી.

'કાયાને ઢેલની જેમ આંબળીને બે હાથે ગોળો માથે ચઢાવતાં બોલેલી, " કળશ્યો
મફતમાં ના મળે હાં કે, લેવો હોય તો ઘેર આવો,"
જમતી વખતે રામજીના ગળે ડચૂરો બાઝે છે ત્યારે,
"ચ્યમ શહેરની ભાખરી- રોટલીથી હેવાઈ જ્યો એટલે ઘરનો રોટલોય નંઈ ભાવતો ?"

આ લેખકની 'માવઠું' નવલિકાના સંદર્ભે ડૉ. સુમન શાહ નોંધે છે કે, " આ વાર્તામાં આખા પ્રસંગનો ઉચિત અને આગવો પરિવેશ રચાય છે, તળજીવન સાથે નાગરિક જીવન અને બોલીનો ઉપયોગ આ વાર્તાને સુંદર કલાત્મક બનાવે છે. ગ્રામચેતના આપણને પન્નાલાલ, મેઘાણી કે મડિયામાં જોવા મળતી તેનાથી કંઇક વિશિષ્ટ રીતે ગ્રામચેતના તેમની નવલિકાઓમાં આલેખાતી જોવા મળે છે."

"ભગવાનના ઘેરે ય હો મણ તેલે અંધારૂં સે ! કહાઈને ઘેર કહોળ રાખનારા ભગવાન ! જાહરે જાહ ! આવો કાળો કેર તે થતો હશે ? ચિયા ભવનાં વેર લેવાયાં સે આ ? તારે તાંય કળજગ સે કળજગ ?....." ( જાંબુ )

રાજીનો આ વલોપાત આખા પંથકમાં પહોંચેલો, આ વલોપાતમાં વપરાયેલી બોલી તેને વધારે ઉજાગર કરે છે. તો વળી આ જ વાર્તામાં કાળના આગળ કોઈનુંય ચ્યાં ચાલે સે, બુન ! મોટું મન રાખો, અવે કાઢ્યાં એટલાં વરહાં ચ્યાં કાઢવા સે ? તમે તો વેઠવામાં કસર નથી મેલી, બુન ! તો લીટી ભેગો લહારકો.... અહવાં પાડીને આંશ્યોનાં તેજ ઓલવશો તો દોરનારો દીકરોતો..."

"આપણા ઘેલાના સોગન સે જો બે જાંબુ ના ખાવ તો, અવે જાંબુ ખાવાથી, ગઈ
ગુજરી ભૂલી જાંવ, બુન! ઘેલાના સોગન.....'

તો વળી 'નાગપાંચમ' વાર્તાની અંદર જેઠાણીએ તખલીને કહેલું,

'અધીરી ના થા તખલી, બધું ય ધીમે ધીમે ફાવી જશે.... એકદમ તો મને ય અઘરું
લાગેલું, પણ પછી.... ભૂખ એનું ખાવાનું ખોળી લીધા વના નઈ રહે...'

તખલીએ આ વાત મોતીને કરી ત્યારે મોતીએ લોળા વાળતાં કહેલું,

'જો મને હખ્ખે જીબ્બા દેવો ઓયતો તું હઉં મારી આંહ્ણ ના પડીશ. બાપા મને ધકલાવે, દબાવે... એ ઓછું ઓય એમ માંય તારો કલેહ કંકાસ ના જોઈએ. ને બીજી વાતો ભૂલી જા. એ તો કાંઈ નઈ થાય, તું ગભરાતી નઈ...... ઉં સું પસે ચિન્ત્યા હેની ?'

આ નવલિકામાં સસરાના શરીર નીચે દબાયેલી તખલીને સંભાળતા શબ્દોમાં વપરાયેલી તળપદી બોલીની વેધકતા જોવા જેવી છે,

'રાંડ, બેટા બેટા કરીએ તો હાંભળતી નથી, તું તો આમ ગૂંદી ઘાલવા દાવની સે. મારા ફૂળમાં કોઈ વાંઝ્યું નથી રયું ને તું આજે પાંચ પાંચ વરહોથી ખાલી ખોળે...... તારી ફૂખ બળે, ઉં જોઉં સું કે તું અવે વાંઝણી ચ્યમની રહે.... સે...'

'પી. ટી. સી. થયેલી વહુ' માં પણ આ શૈલીનો વિશિષ્ટ પ્રયોગ સર્જકે કરેલો છે.

'આ છાંણમાં કીડા જેવો એક સોરો સે એને એક વહુ જોઈએ એ જ ને ? મીં એક કે'તાં એકાવનની વાતો આંણી, પણ ના, આ રાંણીને તો પી.ટી.સી. થયેલી જોઈએ, મ્હેતરાંણી ! પૂછી આવો જેના ઘરમાં બે બે ચોટલાવાળીઓ સે એમની હું વલે થાય સે.'

ડૉ, મણિલાલ પટેલની રચનાઓમાં ગામડાઓની અંદર વધેલા શિક્ષણના કારણે શિક્ષિતોની સંખ્યા વધતી જાય છે. આ પરિણામ રૂપ સર્જાયેલી રચનાઓને કારણે સમગ્ર પટેલ સમાજમાં ખળભળાટ થયેલો જોવા મળે છે. જેના પરિણામ સ્વરૂપ આ રચનાઓ જોવા મળે છે. મણિલાલ ની મોટા ભાગની રચનાઓ ગ્રામ્ય પરિવેશ, ગ્રામ્ય પાત્રો, તળપદી બોલી, પાત્રોનાં મનોગત સંવેદનો અને અભિવ્યક્તિની દ્રષ્ટિએ ધ્યાનપાત્ર બની છે. તેમની વાર્તાઓમાં જાતીયતાનું કથાવસ્તુ ધરાવતી વાર્તાઓ પણ જોવા મળે છે, ગ્રામ્ય સમાજમાં ચાલતા અનૈતિક સંબંધોની વાત પણ એમાં જોવા મળે છે. 'ખેંચાયેલો વરસાદ' 'પડતર' અને 'માસ્તરની વહુ' જેવી વાર્તાઓ આનું સુંદર ઉદાહરણ છે. આ ઉપરાંત આ સર્જકે ગ્રામ ચેતના, નારી ચેતનાની પણ વાત કરી છે.

આ ઉપરાંત મણિલાલની વાર્તાઓમાં વસ્તુસંકલનની પધ્ધતિ, ભાષાનાં જુદાં જુદાં સ્તર, એક સળંગસૂત્રતા, વાર્તાની સતત ગતિ, સંવેદન, સમસંવેદન જેવાં લક્ષણો પણ જોવા મળે છે. જેના પરિણામે તેમની વાર્તાઓ વિસ્તરતી જાય છે. માનવ સબંધો, સ્થળ સમયના ભૌગોલિક સંદર્ભો પણ અહીં એટલા જ પ્રમાણમાં જોવા મળે છે. જેના પરિણામે ભાવક ચેતના અહીં જાગૃત થતી હોય એવું લાગે છે, જે આધુનિક વાર્તામાં દૂર થતી જોવા મળતી હતી. મણિલાલની વાર્તાઓ આ તમામ સ્તરે આપણને આગવી દિશા સૂઝાડી આપે છે.

મણિલાલનું વતન મોટા પાલ્લા, જી.પંચમહાલ એટલે તેમના સર્જનમાં એ વિસ્તારની ભાષા- બોલીનો પ્રયોગ જોવા મળે છે. તેમના વિવિધ વાર્તાસંગ્રહોની અંદર સમાવિષ્ટ વિવિધ વાર્તાઓની અંદર મોટાભાગની વાર્તાઓમાં આપણને તેમના વતનની બોલીનો સફળ પ્રયોગ જોવા મળે છે. આ બોલીના પ્રયોગથી તેમની વાર્તાઓ સફળતાનાં શિખરો સર કરે છે. આ બોલીના માધ્યમ દ્વારા એ પ્રદેશના રીતિ-રિવાજોની જાણકારી પ્રાપ્ત થાય છે, તો વળી એ સમાજના સારા-માઠા પ્રસંગો, નૈતિક- અનૈતિક સબંધો, સ્ત્રી-પુરુષ વચ્ચેના સારા ખરાબ સબંધો તેમજ મનના આંતરિક સબંધોનું

નિરૂપણ આ ભાષાથી સચોટ રીતે રજૂ કર્યું છે. બોલીની બળકટતા અહીં સ્પષ્ટ જણાઈ આવે છે. આ વિસ્તારના પાત્રોની રજૂઆતની સચોટતા આ બોલી દ્વારા જ શક્ય બની છે. બોલીના પ્રયોગને પરિણામે જે તે પ્રદેશની લાક્ષણિક્તાઓ તેમજ જીવનના સત્યને પામી શકાય છે.

**સંદર્ભ સૂચિ**

1. કોઠારી, જયંત 'ટૂંકી વાર્તા અને ગુ. ટૂંકી વાર્તા.'
2. ટોપીવાલા, ચંદ્રકાન્ત., રમેશ ર. દવે. 'ગુજરાતી ટૂંકી વાર્તાકોશ'
3. પટેલ, મણિલાલ હ. 'પરિષ્કૃત વાર્તા અને બીજા લેખો'
4. ________. 'બાપાનો છેલ્લો કાગળ'
5. ________. 'રાતવાસો'
6. ________. 'હેલી'
7. ________. (સંપા.) '૧૯૯૬ની શ્રેષ્ઠવાર્તાઓ'
8. ________. (સંપા.) '૧૯૯૭ની શ્રેષ્ઠવાર્તાઓ'
9. શાહ, સુમન 'સાહિત્યમાં આધુનિકતા'
10. શેલત, હિમાંશી 'કપોલ કલ્પિત'